# દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં મેઘતાંડવ

## ગીર ગઢડામાં ૧૫ ઈંચથી વધુ વરસાદ : ગુજરાતમાં જુદા જુદા ભાગોમાં બપોર બાદ વરસાદનું જોર ઘટ્યું હોવા છતાં અભૂતપૂર્વ સ્થિતિ : બચાવ ટીમ સક્રિય થઈ : હજારો લોકોનું સ્થળાંતર કરાયું

અમદાવાદ, તા.૧૬

દક્ષિણ ગુજરાત-સૌરાષ્ટ્રના પંથકોમાં મેઘતાંડવ જારી રહ્યો છે. આજે પણ અતિ ભારે વરસાદના પરિણામ સ્વરૂપે ચારેબાજુ જળબંબાકારની સ્થિતિ સર્જાઈ હતી. બચાવ અને રાહત કામગીરી હાથ ધરવામાં આવી હતી. અસરગ્રસ્ત વિસ્તારોમાંથી હજારો લોકોનું સ્થળાંતર કરવામાં આવ્યું હતું. દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રની નદીઓમાં પુરની સ્થિતિ પ્રવર્તી રહી છે. આજે ગીર સોમનાથ જિલ્લામાં ગીરગઢડામાં માત્ર છ કલાકમાં જ ૧૫ ઈંચથી વધુ વરસાદ ખાબકી ગયો હતો. જ્યારે ઉનાના ગુંદાળા અને ઉમેજ ખાતે ૧૦થી ૧૫ ઈંચ, સુરતના ઓલપાડ સહિતના પંથકોમાં સાત ઈંચથી વધુ વરસાદ ખાબકતાં સર્વત્ર જળબંબાકારની સ્થિતિ વચ્ચે તબાહી અને તારાજીની દ્રશ્યો પણ સામે આવ્યા હતા. આજે ટુંકા ગાળામાં જ જાફરાબાદમાં પાંચ ઈંચથી વધુ, મહુવામાં ચાર ઈંચથી વધુ, આણંદમાં ચાર ઈંચથી વધુ, રાજુલામાં ચાર ઈંચથી વધુ, પારડીમાં ચાર ઈંચથી વધુ, ખાંભામાં ચાર ઈંચથી વધુ વરસાદ પડ્યો હતો. બીજી બાજુ ધરમપુરમાં ત્રણ, વાગરામાં ત્રણ ઈંચ વરસાદ પડ્યો હતો. પાણીમાં ગરકાવ કેટલાય પંથકોમાંથી સેંકડો લોકોના સ્થળાંતર કરાવવાની ફરજ પડી છે. દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્ર પંથકની નદીઓમાં પૂરની સ્થિતિ છે. જેને લઈ તંત્રને એકદમ હાઈએલર્ટ પર મૂકી દેવાયું છે. વરસાદી કહેરના કારણે દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં અત્યારસુધી ૨૬થી વધુ લોકોના મોત નોંધાયા છે, જયારે ૧૨૫થી વધુ પશુઓના મોત થયા છે. જયારે આ ક્ષેત્રના રાજયના પાંચ સ્ટેટ હાઈવે સહિત ૧૩૦થી વધુ રસ્તાઓ બંધ થયા છે. મેઘરાજાના રૌદ્ર રૂપના કારણે આ ક્ષેત્રોમાં અઢી હજારથી વધુ લોકોનું સ્થળાંતર કરાવવામાં આવ્યું હતું. સૌરાષ્ટ્રમાં જૂનાગઢ અને ગીર સોમનાથ જિલ્લાને મેઘરાજાએ બાનમાં લીધા હોય તેમ છેલ્લા છ-સાત દિવસથી રોજ ધોધમાર વરસાદ પડી રહ્યો છે. જૂનાગઢમાં સીઝનનો ૫૦ ટકા વરસાદ નોંધાઈ ચૂક્યો છે. ત્યારે આજે સોમવારે સવારથી જ ઉના તાલુકામાં અનરાધાર વરસાદ પડી રહ્યો છે. ઉનાના ગુદાળા ગામમાં ૬ કલાકમાં ૧૦ ઈંચ વરસાદ ખાબકતાં સમગ્ર પંથક બેટમાં ફેરવાયો હતો. ઉનામાં શહેરમાં પણ સવારના પથી ૧૨ વાગ્યા સુધીમાં ૧૪ ઈંચ વરસાદ પડયો હતો. ઉનાના ૩૦થી વધુ ગામો સંપર્ક વિહોણા બન્યા હતા. ઉનાના ઉમેજ ગામે આજરોજ વહેલી સવારથી ધોધમાર વરસાદ પડી રહ્યો છે. બપોરના ૧૨ વાગ્યા સુધીમાં ૧૫ ઈંચ વરસાદ નોંધાયો હતો. ગામના નીચાણવાળા વિસ્તારમાંથી સંખ્યાબંધ લોકોનું સ્થળાંતર કરવામાં આવ્યું હતું. વેરાવળ-કોડિનાર નેશનલ હાઈવે પર સોમત નદીનું પાણી ફરી વળતા રસ્તો બ્લોક થયો હતો. ગીરગઢડામાં આભ ફાટ્યું હોય તેમ માત્ર છ કલાકમાં ૧૫ ઈંચથી વધુ વરસાદ ખાબકતાં સર્વત્ર જળબંબાકાર અને પૂરની સ્થિતિ સર્જાઈ હતી. ગીરગઢડાનું કાનકીયા ગામ બેટમાં ફેરવાયું હતું અને ગામમાં કેટલાક મકાન પણ ધરાશયી થયા હતા. ગામમાંથી અનેક પશુઓ તણાયાના સમાચાર સામે આવ્યા છે. જામવાળા ગીરનો શીંગોડા ડેમ ઓવરફ્લો થતા નીચાણવાળા વિસ્તારોને એલર્ટ કરી દેવાયા છે. ગીરગઢડાનું હરમડીયા ગામ પાણીમાં ડૂબ્યું છે, ગામમાં ૧૨ ફૂટ સુધી પાણી ભરાયા છે.

હરમડીયા ગામમાં પણ બે મકાન ધરાશાયી થયાનું જાણવા મળી રહ્યું છે. તેમજ સિલોજ ગામ પણ બેટમાં ફેરવાતા લોકોના ઘરોમાં પાણી ઘૂસી ગયા હતા. તો, ભાવનગરના જેસર સહિતના પંથકોમાં પણ અતિ ભારે વરસાદ નોંધાતા જેસર સહિતના ગામો પાણીના બેટમાં ફેરવાયા હતા. જેસરમાં રસ્તાઓ પર પાણીનો પ્રવાહ એટલો ધસમસતો હતો કે, બે યુવકો બાઈક સાથે તણાયા હતા. આ પંથકોમાંથી સેંકડો લોકોનું સ્થળાંતર કરાવવાની ફરજ પડી હતી. ભારે વરસાદના કારણે બગદાણા-તળાજા હાઈવે બંધ કરવાની ફરજ પડી હતી કારણ કે, આ માર્ગને ભારે નુકસાન થયું હતુ, જેને પગલે વાહનવ્યવહાર ખોરવાયો હતો. બગદાણાના ગામોમાં તો વરસાદી પાણી ખેતરોમાં ફરી વળ્યા હતા. અમરેલી જિલ્લામાં પણ જાફરાબાદ, ખાંભા, સાવરકુંડલા, રાજુલા, સેમસીયા, સોખડા સહિતના પંથકોમાં અતિ ભારે વરસાદ નોંધાયો હતો. સોખડા ગામ તો ભારે વરસાદના કારણે જળબંબાકારમાં ગરકાવ બનતાં બેટમાં ફેરવાયું હતું. ભારે વરસાદ અને ઉપવાસમાંથી આવતા પાણીના મોટા પ્રવાહને કારણે ગીરસોમનાથ જિલ્લાના મુખ્ય હિરણ-૨ ડેમના બે દરવાજા અડધા ફૂટ સુધી ખોલવામાં આવતા નીચાણવાળા ગામડાઓને સાવચેત કરાયા હતા. ઉના તાલુકો બેટમાં ફેરવાયો હતો. ગીરગઢડા તાલુકાના હરમડિયા, નવાગામ, જામવાળા, ફાટસર, ઈટવાય, કોદીયા, સનવાવ, ધ્રાબાવડ, કાણકીયા, કારેણી, આંબાવાડ, ફૂલકા, ખિલાવડ બાબરીયા, વેલાકોટ ઝાંઝરીયા, નવા ઉગલા ગામોમાં પાણીમાં ગરકાવ બન્યા છે. ઉનાના વાવરડા ગામમાં ૩૦૦ લોકો પાણીમાં ફસાયા હતા, જેઓને બચાવવાની કામગીરી ચાલી રહી છે. રામનગરના ખારા વિસ્તારોમાં લોકોના ઘરોમાં પાણી ભરાયા હતા. દેલવાડા ગામના તરણેશ્વર મહાદેવને મછુન્દ્રી નદીએ જાણે જળાભિષેક કર્યો હતો. આ જ પ્રકારે રાજકોટ પંથકમાં પણ ગોંડલ, કોટડાસાંગાણી, શાપર વેરાવળ સહિતના પંથકોમાં બેથી ચાર ઈંચ સુધીનો ભારે વરસાદ નોંધાતા ખેતરો, રસ્તાઓ અને નદી-નાળા પાણીથી છલકાયા હતા.

### ક્યાં કેટલો વરસાદ

| સ્થળ | વરસાદ (ઈંચમાં) |
|---|---|
| ગીરગઢડા | ૧૫ ઈંચથી વધુ |
| ગુંદાડા | ૧૦ ઈંચથી વધુ |
| ઉમેજ | ૧૦ ઈંચથી વધુ |
| ઓલપાડ | ૭ ઈંચથી વધુ |
| વધઈ | ૬ ઈંચથી વધુ |
| જાફરાબાદ | ૫ ઈંચથી વધુ |
| મહુવા | ૪ ઈંચથી વધુ |
| આણંદ | ૩ ઈંચથી વધુ |
| રાજુલા | ૩ ઈંચથી વધુ |
| પારડી | ૩ ઈંચથી વધુ |
| ખાંભા | ૩ ઈંચથી વધુ |
| ધરમપુર | ૨ ઈંચથી વધુ |









શહેરમાં રવિવારે સવારે ઘ-૪ સર્કલે 'જલ્સા સ્ટ્રીટ'નો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં યુવાનોએ મન મુકીને એરોબિકસ, ઝુમ્બા તથા ગરબા ડાન્સની મજા માણી હતી. આ વખતની જલ્સા સ્ટ્રીટમાં બે વિદેશી યુવતિઓ પણ જોડાતા આકર્ષણનું કેન્દ્ર બની હતી. જલ્સા સ્ટ્રીટના સ્ટેજ પરથી બાળ કલાકારોએ અદભૂત કરતબ સાથેના નૃત્યો પ્રસ્તુત કરતા જનમેદનીને પ્રભાવિત કરી હતી.

# મોડાસા ખાતે કો.ઓ. સોસાયટીઓના છ દિવસીય મેનેજર્સ મેનેજમેન્ટ તાલીમ વર્ગનો પ્રારંભ

મોડાસા, તા.૧૬

અરવલ્લી જિલ્લા સહકારી સંઘના ઉપક્રમે આજરોજ મોડાસા ખાતે કો.ઓ. સોસાયટીઓના ૬ દિવસીય મેનેજર્સ મેનેજમેન્ટ તાલીમવર્ગનો પ્રારંભ જિલ્લા સંઘના અધ્યક્ષ પ્રભુદાસભાઈ પટેલે દીપ પ્રગટાવી કર્યો હતો અને સૌ ઉપસ્થિત મેનેજરોને આવકાર્યા હતા.

આ તાલીમ વર્ગમાં ઉપસ્થિત મેનેજરોને રાજ્ય સહકારી સંઘ તરફથી ઉપસ્થિત સી.ઈ.આઈ (કો.ઓપ. એજ્યુકેશન ઈન્સ્ટકટર) હિતેશભાઈ પટેલે ક્રેડિટ કો-ઓપરેટિવ મંડળીઓનો ઉદભવ, વિકાસ અને સહકારના સિદ્ધાંતો વિશે માહિતી માર્ગદર્શન પૂરાં પાડ્યાં હતા. જ્યારે સહકાર કાનૂની સલાહકાર જે.કે. દરજીએ સહકારી કાયદા અંગે માહિતી અને માર્ગદર્શન પૂરાં પાડ્યાં હતા.

આ તાલીમ વર્ગનું આગામી શનિવારે ૨૧મી જુલાઈએ સમાપન થશે. દરમિયાન રાજ્ય સહકારી સંઘના ટ્રેનર, પૂર્વ જિલ્લા રજિસ્ટ્રાર જે.જે. શાહ સહિતના અનુભવી, તજજ્ઞો દ્વારા તાલીમ શિક્ષણ અપાશે. જેમાં ૧૮,૧૯ અને ૨૧ જુલાઈ એમ ત્રણ દિવસ દરમિયાન નિવૃત્ત જિલ્લા રજિસ્ટ્રાર અને રાજ્ય સહકારી સંઘના જે.જે. શાહ તાલીમાર્થીઓને પેટા કાયદાની અગત્યની જોગવાઈઓ અને તેનું કાયદા-નિયમો સાથે સુસંગતતા અંગેની ચકાસણી, ઈન્કમટેક્સ, જીએસટી અને નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ, મોટિવેશન વગેરે અંગે સલાહ સૂચનો અને માર્ગદર્શન પુરા પાડશે. ૬ દિવસીય આ તાલીમ વર્ગનો સમય રોજ સાંજના ૩ થી ૬ રહેશે.

આજના પ્રથમ દિને ઉદ્ઘાટન કાર્યક્રમનું સંચાલન જિલ્લા સહકારી સંઘના એક્ઝિક્યુટિવ ઓફિસર હરિપ્રસાદ જોશીએ કર્યું હતું.





## દક્ષિણ કેરોલીનના પૂર્વ ગવર્નરના પતિ માઈકલ હેલી શહેરની મુલાકાતે

અરવલ્લી જિલ્લાના મેઘરજમાં સ્વસહાય જૂથની બહેનોનું વિશાળ સંમેલન યોજાયું હતું. જેમાં મુખ્ય મહેમાન તરીકે અમેરીકાના એમ્બેસેડર અને સાઉથ કેરોલીનના પૂર્વ ગવર્નર નીક્કી હેલીના પતિ માઈકલ હેલી ગાંધીનગર શહેરમાં તેમના મિત્રના ઘરે મહેમાન બન્યા હતા. મેઘરજમાં મહિલા સંમેલનને સંબોધન કરે તે પહેલા પાટનગરમાં પધાર્યા હતા. તેઓએ શહેરના જોવાલાયક સ્થળોની મુલાકાત લીધી હતી. ત્યારે આ પ્રસંગે માઈકલ હેલીએ વાતચીત દરમિયાન તેઓએ જણાવ્યું હતું કે ભારતનું ભોજન મને ખુબ જ પસંદ છે. જ્યારે અહી ખેડૂતો અને વેપારી વચ્ચેની ખાઈ ધરાવતી સિસ્ટમ ખરાબ છે. પરિણામે ખેડૂતોનું શોષણ થાય છે. કે.કે. શાહ ચેરીટેબલ ટ્રસ્ટના એમ.ડી. પ્રકાશ શાહના આમંત્રણને માન આપી તેઓ એક કાર્યક્રમમાં હાજરી આપવા માટે આવ્યા હતા.

# બેંક ઓફ બરોડાના સ્થાપના દિનની ઉજવણી નિમિત્તે વિવિધ કાર્યક્રમોનું આયોજન

**સપ્તાહ દરમિયાન સ્વચ્છતા અભિયાન, રકતદાન શિબિર, વૃક્ષારોપણ, જરૂરિયાત મંદોને વસ્ત્ર પગરખાં વિતરણ તથા બાઈક રેલી યોજાશે : બાઈક રેલીને અંજલિબેન રૂપાણી પ્રસ્થાન કરાવશે**

આગામી તા. ૨૦મી જુલાઈએ બેંક ઓફ બરોડા તેનો ૧૧૧મો સ્થાપના દિન ઉજવવા જઈ રહી છે. આ પ્રસંગે બેંકના ગાંધીનગર રીજીયન દ્વારા સ્વચ્છતા અભિયાન, રકતદાન શિબિર, વૃક્ષારોપણ, જરૂરિયાતમંદોને કપડાં-પગરખાં વિતરણ તેમજ મહિલા સશકિતકરણ અંતર્ગત બાઈક રેલી જેવા કાર્યક્રમોનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે.

બેંક ઓફ બરોડાના ૧૧મા સ્થાપના દિનની ઉજવણી નિમિત્તે તા. ૧૭મી જુલાઈ મંગળવારના રોજ સેકટર-૨૧માં ડિસ્ટ્રીકીટ શોપીંગ સેન્ટર ખાતે સ્વચ્છતા અભિયાન યોજાશે જેમાં બેંકના ગાંધીનગરના ડેપ્યુટી જનરલ મેનેજર તથા રીજનલ હેડ દક્ષા શાહ અભિયાનનો પ્રારંભ કરાવશે. તા. ૧૮મી જુલાઈ બુધવારના રોજ ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીના સહયોગથી સવારે ૧૦ કલાકે રકતદાન શિબિર યોજાશે. જેમાં ૧૧૧ બોટલ રકત એકત્ર કરવાનો લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યો છે. તા. ૯મી જુલાઈ ગુરુવારના રોજ શહેરમાં વિવિધ સ્થળે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાશે તેમજ આર્થિક રીતે પછાત અને જરૂરિયાતમંદોને કપડાં પગરખાંનુ વિતરણ કરાશે. બેંકના સ્થાપના દિન તા. ૨૦મી જુલાઈના રોજ સવારે ૬.૩૦ કલાકે મહિલા સશકિતકરણના સંદેશ સાથે સે-૧૧માં વિધાનસભા શાખા ખાતેથી બાઈક રેલી યોજાશે જેને રાજયના પ્રથમ મહિલા અંજલિબેન રૂપાણી દ્વારા લીલી ઝંડી બતાડી પ્રસ્થાન કરાવાશે. સમગ્ર સપ્તાહ દરમિયાન બેંકની શાખાઓ દ્વારા ગ્રાહક-ખેડૂત અને ગરીબ-પછાત વર્ગ લક્ષી વિવિધ કાર્યક્રમો યોજાશે.

**મેઘરજના પંચાલ ગામેથી પરપ્રાંતિય**

# ૨૦ વર્ષીય યુવતીના મોતનુ રહસ્ય બે માસ બાદ ખુલ્યુ

મેઘરજ, તા. ૧૬

મેઘરજ તાલુકાના પંચાલ ગામે ગત તા. ૪ મે ના રોજ સાંજે રાજસ્થાનના મેવાડા ગામની ૨૦ વર્ષીય યુવતીનો સંદીગ્ધ હાલતમાં અવાવરૂ જગ્યાએથી મુતદેહ મળી આવ્યો હતો જે ઘટનાના બે માસ બાદ યુવતીના ભાઈએ યુવતીના પ્રેમી અને ડૉક્ટરે યુવતીને ગર્ભપાત કરાવવાની દવા કરી યુવતીનુ મોત નીપજતાં પુરાવાનો નાશ કરી એકબીજાની મદદગારી કરવા બદલ ફરીયાદ નોધાવતાં તાલુકામાં ઉટવૈદુ કરતા અને આવા બોગસ ડૉક્ટરો ભુગર્ભમાં ઉતરી ગયા છે.

રાજસ્થાન વીછીવાડા તાલુકાના મેવાડા ગામની ૨૦ વર્ષીય અર્પીતા પ્રવીણભાઈ ગામેતી ગત તા. ૪ મે ના રોજ સવારે સાડા દશેક વાગ્યાના સુમારે ઘરેથી સેમ્પુ લેવા માટે દુકાને જવા નીકળી હતી અને ઘરે પાછી ન આવતાં તેના પરીવારજનોએ આજુ બાજુ તપાસ કરેલી પરંતુ અર્પીતાનો કોઈ પત્તો લાગ્યો ન હતો. સાંજે છ વાગે અર્પિતાનો મૃતદેહ મેઘરજ તાલુકાના પંચાલ ગામે અવાવરૂ જગ્યાએથી મળી આવતાં ઈસરી પોલીસે મૃતદેહને મેઘરજ સરકારી દવાખાને મોકલી મૃતકના પરીવારજનોને જાણકરી બોલાવ્યા હતા. મૃતકના ભાઈ મુકેશ પ્રવીણ ગામેતીએ ઈસરી પોલીસમાં ફરીયાદ નોધાવી હતી ત્યાર બાદ ઘટનાના બે માસ બાદ યુવતીના પરિવારજનોને જાણવા મળેલ કે મેવાડા ગામનો જગદીશ અમરા નરાત અર્પિતા સાથે પ્રેમ સબંધ હતો. અર્પિતા કુવારી હોવાનું જાણવા છતાં જગદીશ તેની સાથે અવાર-નવાર શારીરિક સંબંધ બાંધી અર્પિતાને સાત માસની ગર્ભવતી બનાવી દીધી હતી. અર્પિતાનો ગર્ભપાત છુપાવવા જગદીશ અર્પિતાને ગર્ભપાત કરાવવા મેઘરજ તાલુકાના પંચાલ ગામે કેટલાક વર્ષોથી ખાનગી દવાખાનુ ચલાવતા ડૉક્ટર રાકેશભાઈ પ્રભુદાસભાઈ પટેલના દવાખાને લઈને આવ્યો હતો. રાકેશ પટેલ નામના ડૉક્ટરે અર્પિતાને ગર્ભપાત કરાવવા પોતાની વગર ડીગ્રીએ અણ આવડતથી અર્પિતાને સાત માસનો ગર્ભ હોવાનું જાણવા છતાં તેને ગર્ભપાત ન થઈ શકે તેમ છતાં અર્પિતાને ગર્ભપાત કરાવવા અંગે દવા કરેલ તે દરમિયાન અર્પિતાને સાત માસનો ગર્ભ હોવાથી ગર્ભપાત ન થતાં અર્પિતાનુ કમકમાટીભર્યુ મોત નીપજ્યુ હતુ. ત્યારબાદ જગદીશ પોતાનુ કૃત્ય છુપાવવા તેમજ ડૉક્ટર રાકેશે પોતાના સ્વાર્થ લાભ ખાતર આ બંન્ને ઈસમોએ પુર્વયોજીત કાવતરૂ રચી પુરાવાનો નાશ કર્યો હતો.

## ફુગાવો

● અનુસંધાન પહેલાનું ચાલુ

વધારો થવાના પરિણામ સ્વરૂપે આ મહિના દરમિયાન સ્થાનિક ફ્યુઅલની કિંમતમાં વધારો થયો છે. જેમાં પેટ્રોલ અને ડિઝલની કિંમતમાં વધારો સામેલ છે. બટાકાના ફુવાવામાં ટોચની સપાટી જોવા મળી છે. મે મહિનામાં બટાકામાં ફુગાવો ૮૧.૯૩ ટકા હતો. જેની સામે વધીને ૯૯.૦૨ ટકા થયો છે. જ્યારે ડુંગળીની કિંમતમાં જૂન મહિનામાં વધારો થયો છે. ડુંગળીમાં ભાવ વધારો ૧૮.૨૫ ટકા સુધી રહ્યો છે જે અગાઉના મહિનામાં ૧૩.૨૦ ટકા હતો. કઠોળની કિંમતમાં ઘટાડાનો દોર જારી રહ્યો છે. જૂન મહિનામાં કઠોળમાં ફુગાવો ૨૦.૨૩ ટકા નોંધાયો હતો. એપ્રિલ મહિના માટે ડબલ્યુપીઆઈ ફુગાવો ૩.૬૨ ટકા રહ્યો હતો. ગયા સપ્તાહમાં જારી કરવામાં આવેલા આંકડા દર્શાવે છે કે રિટેઈલ ફુગાવો જૂન મહિનામાં પાંચ ટકા રહ્યો છે જે પાંચ મહિનાની ઉંચી સપાટી છે. આના માટે મુખ્ય કારણ ફ્યુઅલની વધતી જતી કિંમત રહી છે. મોનિટરી પોલિસી નક્કી કરતી વેળા રિટેઈલ ફુગાવાના આંકડાને આરબીઆઈ દ્વારા હંમેશા ધ્યાનમાં લેવામાં આવે છે. આરબીઆઈની આગાહી મુજબ જ ફુગાવો વધી રહ્યો છે. આરબીઆઈએ તેના રીટેઈલ ફુગાવાના અંદાજને અગાઉના ૪.૪ ટકાથી વધારીને ઓકટોબર-માર્ચના ગાળા દરમિયાન ૪.૭ ટકા કર્યો છે. તેની બીજી નાણાકીય નીતિ સમીક્ષામાં રિઝર્વ બેંકે ગયા મહિનામાં જ વ્યાજદરમાં ૦.૨૫ ટકાનો વધારો કર્યો હતો. છેલ્લા ચાર વર્ષના ગાળામાં પ્રથમ વખત વધારો કરવામાં આવ્યો હતો. મોદી સરકાર સત્તામાં આવ્યા બાદ પ્રથમ વખત વ્યાજદર વધારી દેવામાં આવ્યો હતો. વૈશ્વિક ક્રુડની કિંમતમાં વધારો જારી રહેતા સ્થાનિક કિંમતોમાં પણ વધારો થયો છે. આરબીઆઈની આગામી મહત્વપૂર્ણ બેઠખ ૩૦મી જુલાઈથી પહેલી ઓગસ્ટ દરમિયાન મળનાર છે જેમાં વ્યાજદર અંગે ચર્ચા થશે.

## ચાર્જશીટ

● અનુસંધાન પહેલાનું ચાલુ

આવ્યો હતો કે એસોશિએશનના ફંડમાંથી જમ્મુ-કાશ્મીર ક્રિકેટ એસોસિએશનના હોદ્દેદારો દ્વારા ૧૧૩ કરોડ રૂપિયાની ઉંચાપત કરવામાં આવી હતી. ચાર્જશીટમાં જે લોકોના નામનો ઉલ્લેખ કરાયો છે તેમાં ફારૂક અબ્દુલ્લા ઉપરાંત જમ્મુ-કાશ્મીર ક્રિકેટ એસોસિએશનના જનરલ સેક્રેટરી સલીમ ખાન, ખજાનચી મોહંમદ અહેશાન મિરઝા અને જમ્મુ-કાશ્મીર બેંકના કારોબારી બશીર અહેમદનો સમાવેશ થાય છે. આ મામલામાં સૌથી પહેલા પોલીસ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી હતી. પોલીસે રામ મુનશીબાગ પોલીસ સ્ટેશનમાં એફઆઈઆર દાખલ કરી હતી. સપ્ટેમ્બર ૨૦૧૫માં સીબીઆઈએ એફઆઈઆર દાખલ કર્યા બાદ ફારૂક અબ્દુલ્લાએ કહ્યું હતું કે તેમને ખુશી છે કે તપાસ આખરે શરૂ થઈ ચુકી છે. તપાસ ઝડપથી પૂર્ણ થશે તેવી આશા પણ વ્યક્ત કરવામાં આવી હતી. ફારૂક અબ્દુલ્લાની મુશ્કેલીઓમાં હવે દિન પ્રતિ દિન વધારો થઈ રહ્યો છે. આ કેસમાં તેમને કાયદાકીય ગૂંચનો સામનો કરવો પડી શકે છે. ૧૧૪ કરોડ રૂપિયાની ઉંચાપતનો આ મામલો જમ્મુ-કાશ્મીરમાં રાજનીતિ ક્ષેત્ર પણ ઉતાર ચઢાવની સ્થિતિ સર્જી શકે છે. સીબીઆઈ દ્વારા એવા સમયમાં ચાર્જશીટ દાખલ કરી છે જ્યારે લોકસભાની ચૂંટણી આડે વધારે સમય રહ્યો નથી. ક્ષેત્રીય પક્ષો દ્વારા વારંવાર તપાસ સંસ્થાઓના દુરૂપયોગનો આક્ષેપ કરાયો છે.

## મેઘરાજા મહેરબાન

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હળવા ભારે વરસાદી ઝાપટાના લીધે સવા બે ઈંચ વરસાદ થયો હતો. જયારે ગઈકાલે આકાશમાં દિવસ દરમિયાન ઘનઘોર વાદળોનો ઘેરોવો જોવા મળ્યો હતો. જેના અંતે સાંજે માત્ર છાંટણા વરસાવી મેઘરાજા અદ્રશ્ય થઈ ગયા હતા. પરંતુ મોડી રાત્રે અચાનક જ વરસાદી વાદળો વરસવાનુ શરૂ થતા પલવારમાં ચોમેર પાણી પાણી થઈ ગયુ હતુ. શહેરમાં રાત્રિ દરમિયાન દોઢ ઈંચ જેટલો વરસાદ વરસ્યો હતો. રાત્રિના વરસાદના લીધે સવારે સેકટરોમાં કેટલાક ભાગોમાં પાણી ભરાયેલા જોવા મળ્યા હતા. જયારે સવારના સમયે વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી. છેલ્લા ૨૪ કલાકમાં શહેરમાં ૩૭ મી મી વરસાદ નોંધાયો છે. જયારે મોસમનો કુલ વરસાદ ૯૭ મી મી અલબત્ત ચાર ઈંચ જેટલો થયો છે.વાતાવરણમાં ભેજનુ પ્રમાણ ૮૧ થી ૯૭ ટકા રહયુ છે. મેઘરાજા આખરે મહેરબાન થતા નગરજનોને પણ પ્રમાણમાં રાહત થઈ હતી. જયારે ખેડુતોમાં પણ હર્ષની લાગણી વ્યાપી હતી.

## વાવણીનું કામ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વનતંત્ર દ્વારા ખાડા ખોદવાનુ કામ પણ અગાઉ પુર્ણ કરી દેવામાં આવ્યુ હતુ. જયારે હવે રોપાઓની વાવણી લાયક વરસાદ થઈ જતા આખરે તંત્ર વાવેતર કરવાની કામગીરીમાં લાગી ગયુ છે. ચોમાસાના અંતે નગરના મુખ્ય માર્ગો આસપાસનો નઝારો પણ બદલાઈ જશે. આજે પણ શહેરમાં વરસાદી સાંજ નિખરી હતી. નવા રોપાઓની વાવણી માટે અનુકુળ સંજોગો સર્જાતા વનતંત્ર લક્ષ્યાંક સિધ્ધ કરવા માટે કામે લાગી ગયુ છે.

## પ્રમુખપદે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

માણસા તાલુકા સમિતિના પ્રમુખ તરીકે ગીરવતસિંહ ચાવડાની વરણી કરવામાં આવી છે. જિલ્લા કોંગ્રેસના સંગઠ્ઠન મંત્રી તરીકેની જવાબદારી તેઓ હાલ સંભાળી રહ્યા છે. અચ્છા સંગઠ્ઠક છે તેમજ માણસા તાલુકા કોંગ્રેસના ઉપપ્રમુખ તરીકે સેવાઓ આપી રહ્યા છે એટલે તાલુકાથી રાજકીય રીતે સંપૂર્ણ પરિચિત છે.

માણસા શહેર પ્રમુખ તરીકે જાણીતા આર.ટી.ઈ. એકટીવીસ્ટ ડૉ. તુષાર જાનીની વરણી કરવામાં આવી છે. શહેરમાં તેમની વરણીને પગલે યુવા વર્ગને નવુ નેતૃત્વ મળ્યુ છે.

દહેગામ તાલુકામાં પસંદગી અંગે ચાલી રહેલી ખેંચતાણને પગલે નિર્ણય પ્રદેશ કક્ષાએ અટવાયો છે પરંતુ એકાદ સપ્તાહમાં નિર્ણય લેવાઈ જશે તેમ મનાઈ રહ્યું છે.